૨

વિચરતી અને વિમુક્ત જાતિ માટેના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોના મકાન ભાડા ગ્રાન્ટના દરમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૧/૪૯૫૨૮૧/ન.બા-૧૧/અ.૧

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૧/૦૪/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૦૨/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: ગઅછ/૧૫૨૦૦૫/ન.બા-૨૫/ગ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૯/૧૦/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક-છતલ-NTDNT-ન.બા./૨૦૨૧-૨૨/૧૬૬

**આમુખ :-**

વંચાણે લીધા ક્રમાંક: (૧) માં જણાવેલ વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૭ના ઠરાવથી સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિકસતી જાતિ અને વિચરતી અને વિમુક્ત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોને મકાન ભાડા પેટે વિદ્યાર્થી દીઠ પંચાયત વિસ્તાર માટે રૂ.૫૦, નગરપાલિકા વિસ્તાર માટે રૂ.૭૦ તથા મહાનગરપાલિકા વિસ્તાર માટે રૂ.૯૦ મુજબ મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક: (૨) માં જણાવ્યા મુજબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૨૯/૧૦/૨૦૨૧ના પત્રથી વિચરતી વિમુક્ત જાતિ માટેના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોને મકાન ભાડા પેટે વિદ્યાર્થી દીઠ પંચાયત વિસ્તાર માટે રૂ.૧૦૦, નગરપાલિકા વિસ્તાર માટે રૂ.૧૪૦ તથા મહાનગરપાલિકા વિસ્તાર માટે રૂ.૧૮૦ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે વિચરતી અને વિમુક્ત જાતિ માટેના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોના મકાન ભાડા ગ્રાન્ટના દરમાં નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનો વધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| વિસ્તાર | પ્રવર્તમાન દર | નવા દર |
|---|---|---|
| પંચાયત વિસ્તાર | રૂ.૫૦/- | રૂ.૧૦૦/- |
| નગરપાલિકા વિસ્તાર | રૂ.૭૦/- | રૂ.૧૪૦/- |
| મહાનગરપાલિકા વિસ્તાર | રૂ.૯૦/- | રૂ.૧૮૦/- |

ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે:

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજનાને CM Dash Board સાથે લિંક કરવાની રહેશે.

(૯) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુએશન/ એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૦) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં મંજૂર થયેલ નવી બાબત/ રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઇ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૧૧) મકાન ભાડાના સુધારેલ દર નવા શૈક્ષણિક સત્રથી જ લાગુ થશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક નં.-૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ કલ્યાણ અને લઘુમતી કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦-સામાન્ય, ગૌણ સદર:૧૦૧ વિમુક્ત અને અન્ય અસ્થાયી જાતિઓનું કલ્યાણ, પેટા સદર: (૧૧) ડીએનટી-૩ છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, (બજેટ, કોમ્પ્યુટર શાખા), સા.ન્યા. અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ.